મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

૧૯-૦૯-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૫૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર ક્લીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯, અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા. 3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367


## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવનાત્મક શ્રદ્ધાંજલિ



### સ્વ. રાયસંગભાઈ મેઘરાજભાઈ ચૌધરી

સ્વ.તા.૧૯-૦૯-૨૦૨૪ ભાદરવા વદ-૨ ને ગુરૂવાર

આપની અચાનક વિદાયને આજે એક વર્ષનો સમય પુરો થવા છતાં એમ લાગે છેકે, આપ અમારી સાથે જ છો. પળે પળે આપની યાદ આવે છે,
આ સ્મરણો એ જ અમારો શ્વાસ છે,
આપનો નવકારમય આત્મા ભવ ભ્રમણથી મુક્ત થઈ મોક્ષ સુખ પામો.
એજ પરમકૃપાળુ પરમાત્માને અંતરથી પ્રાર્થતા કરતા આપના પરિવારજનો

ગં.સ્વ. સૂરજબેન રાયસંગભાઈ ચૌધરી

પ્રકાશભાઈ રાયસંગભાઈ ચૌધરી
(તંત્રી : ગરવી તાકાત દૈનિક)
સોનલબેન પ્રકાશભાઈ ચૌધરી
સાહિલ પ્રકાશભાઈ ચૌધરી
અવનિ સાહિલ ચૌધરી (કેનેડા)

અરવિંદભાઈ રાયસંગભાઈ ચૌધરી
નયનાબેન અરવિંદભાઈ ચૌધરી
સ્મિત અરવિંદભાઈ ચૌધરી (USA)
ક્રિના સ્મિત ચૌધરી (કેનેડા)
અરૂણાબેન (મધુ) અમૃતભાઈ ચૌધરી (મેવડ)
અંકુર અમૃતભાઈ ચૌધરી (લંડન)
હેલી, સુષ્ટિ, ગોપી, આનંદી

મુ.પો. પુનાસણ, તા.જિ. મહેસાણા


### તંત્રની સમજાવટથી વાતાવરણીય સુરક્ષા માટે મહત્વનો નિર્ણય

## સામેત્રા પેપર મિલ પર નાગરિકોનો તીવ્ર વિરોધ: રસ્તા રોકો આંદોલન સમેટાયું, ફેક્ટરીને તાત્કાલિક બંધનો આદેશ



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા જિલ્લાના સામેત્રા ગામમાં આસપાસની પેપર મિલ ફેક્ટરીથી થતા પ્રદૂષણથી પરેશાન ગ્રામજનોએ આજે તીવ્ર વિરોધ નોંધાવ્યો. છેલ્લા બે વર્ષથી ચાલી આવતી આ સમસ્યા વિરુદ્ધ કંટાળી ગયેલા નાગરિકોએ રસ્તા રોકો આંદોલન કરીને ફેક્ટરીને તાત્કાલિક બંધ કરાવવાની માંગ કરી હતી. તંત્રીય અધિકારીઓની ત્વરિત હસ્તક્ષેપથી આંદોલન સમેટાઈ ગયું અને પ્રદૂષણ નિયંત્રણ માટે મહત્વના પગલાં લેવાયા છે. સામેત્રા ગામના નાગરિકો લાંબા સમયથી પેપર મિલમાંથી નીકળતા ઝેરીયુક્ત પ્રદૂષણથી પીડાઈ રહ્યા છે. હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ વધતાં સ્થાનિક લોકોમાં શ્વાસની તકલીફ, ત્વચાની બીમારીઓ અને પાકનું નુકસાન જેવી સમસ્યાઓ વધી ગઈ છે. આજે ગ્રામજનોએ ફેક્ટરીના મુખ્ય દ્વાર પાસે રસ્તો અટકાવીને વિરોધ વ્યક્ત કર્યો, જેમાં મહિલાઓ અને યુવાનોની સંખ્યા વધુ હતી. તેઓએ બેનર અને પ્લેકાર્ડ લઈને 'પ્રદૂષણ બંધ કરો, જીવન બચાવો' જેવા નારા લગાવ્યા.

આંદોલનની માહિતી મળતાં જ મહેસાણા ડીવાયએસપી મિલાપ પટેલ અને પ્રાંત અધિકારી ઉર્વીશ વાળંદ ત્વરિત સ્થળ પર પહોંચ્યા. તેઓએ ગ્રામજનો સાથે વાતચીત કરી અને તેમની રજૂઆતો સાંભળી. સમજાવટ પ્રક્રિયા દરમિયાન ફેક્ટરીની તપાસ કરવામાં આવી, જેમાં પ્રદૂષણના સ્તર વધુ પડતા હોવાનું જણાયું. આખરે, તંત્રીય અધિકારીઓની સમજૂતી પછી આંદોલન સમેટાઈ ગયું.

જ્યાં સુધી પેપર મિલમાં પ્રદૂષણ નિયંત્રણ માટે જરૂરી સાધનો લગાવવામાં ન આવે, ત્યાં સુધી ફેક્ટરી બંધ જ રહેશે.

GPCBની અંતિમ તપાસ અને અહેવાલના આધારે આગળનો નિર્ણય લેવાશે, જેમાં ફેક્ટરીને ચાલુ રાખવા માટે કડક શરતો લગાવવામાં આવી શકે છે.

ગ્રામજનોએ આ નિર્ણયની પ્રશંસા કરી છે, પરંતુ તેઓએ ચેતવણી આપી છે કે જો તંત્રે વચન પૂરું ન પાડ્યું તો તેઓ ફરીથી આંદોલન કરશે. સ્થાનિક વિધાયક અને જિલ્લા કલેક્ટરની કચેરીએ પણ આ મુદ્દે ધ્યાન આપવાની વાત કરી છે. આ ઘટના પ્રદૂષણ વિરુદ્ધ નાગરિકોની જાગૃતિ અને તંત્રની જવાબદારીને દર્શાવે છે, જે ગુજરાતમાં વધુ વિસ્તારોમાં પણ ઉદાહરણ બની શકે છે.

આંદોલનમાં ભાગ લેનારા ગ્રામજનોનું કહેવું છે કે, 'અમારું ગામ અને આગામી પેઢીનું ભવિષ્ય પ્રદૂષણથી બચાવવું જરૂરી છે. તંત્રે આ વખતે કાર્યવાહી કરી, પરંતુ અમે નજર રાખીશું.' આ મામલે GPCB અને જિલ્લા તંત્ર પાસેથી વધુ વિગતો મેળવવાનો પ્રયાસ ચાલુ છે.

## સુઇગામના શિવનગરના આગેવાનોએ ઘરોમાં ભરાયેલ વરસાદી પાણીના નિકાલ માટે પ્રાંતને રજૂઆત કરી

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૭

સુઈગામ તાલુકામાં ગત તા,૬,૭ અને ૮ સપ્ટેમ્બર ના ત્રણ દિવસ પડેલા અતિભારે ૨૨ ઈંચ જેટલા વરસાદથી ઠેરઠેર તારાજી સર્જાઈ છે, જેમાં ખાસ કરીને ઘરોમાં ઘર વખરી સંપૂર્ણ નાશ પામ્યું છે,અને અત્યારે પણ ઘરો માં પાણી ભરાયેલ હોઈ આવનારા શિયાળુ સિઝનમાં પણ ખેડૂતો ખેતી કરી શકે તેમ ના હોઈ ખેડૂતોની માઠી દશા બેઠી છે,ત્યારે સુઈગામ ના શીવનગર અંતરિયાળ ગામના સુઈગામ પ્રાંત કલેક્ટર અરવિંદભાઈ પ્રજાપતિ ને લેખિત આવેદનપત્ર આપી ઘરો માં ભરાયેલ વરસાદી પાણીના નિકાલ માટે રજૂઆત કરી હતી, સુઈગામ ગામના માજી સરપંચ રામસેગ ભાઈ રાજપુતે જણાવ્યું હતું કે સીમ વિસ્તારમાં આવેલ પાણી થોડા સમય બાદ ખારું થઈ જાય છે, જેના લીધે ઘરો માં આજુબાજુની જમીનોમાં ક્ષાર વધતો જાય છે,પરંતુ આ વખતે અતિભારે વરસાદથી ગામની લગભગ ૨૦૦



એકર જમીનમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે,અને આ ખારું તળાવ અને ખેતરોનું પાણી એકમેક થઈ જતા, જો પાણીનો તાત્કાલિક નિકાલ નહીં કરવામાં આવે તો અમારા ગામની મોટાભાગની જમીન ક્ષારયુક્ત બની જશે, જો આ વરસાદી પાણીનો કેનાલ મારફત રણમાં નિકાલ કરવામાં આવે તો અમારી જમીન બચી જશે,એટલા માટે અમો સુઈગામ પ્રાંત કલેક્ટર અને ને લેખિત રજૂઆત કરી છે, અને તેમણે આ બાબતે ઘટતું કરવાની હૈયાધારણા આપી છે,અમો અપેક્ષા રાખીએ કે તાત્કાલિક ધોરણે અમારી રજૂઆતને ધ્યાને લઈ ઘરો માં ભરાયેલ પાણીનો નિકાલ કરે નહિતર અમારા શિવનગર ના ઘરો ને લોહીના આંસુડે રોવાનો વારો આવશે.




# વકફ સુધારા કાયદા પર વિપક્ષના દાવા પણ નિષ્ફળ ગયા

જ્યારે આ વર્ષે એપ્રિલમાં સંસદના બંને ગૃહો દ્વારા વકફ સુધારા બિલ પસાર કરવામાં આવ્યું, ત્યારે વિપક્ષે તેને સ્પષ્ટપણે ગેરબંધારણીય અને મનસ્વી ગણાવ્યું. કેટલાક વિપક્ષી નેતાઓએ તેને એક એવો કાયદો ગણાવ્યો જે મુસ્લિમો પાસેથી મસ્જિદો અને કબ્રસ્તાનો છીનવી લેશે - જેમ નાગરિકતા સુધારો કાયદો પર મુસ્લિમોની નાગરિકતા છીનવી લેવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેના કારણે ઘણી જગ્યાએ હિંસા થઈ હતી.

સંસદ દ્વારા વકફ સુધારા બિલ પસાર થતાં અને કાયદો બનતાંની સાથે જ, સુપ્રીમ કોર્ટ તેની કાયદેસરતા ચકાસવા માટે તૈયાર થઈ ગઈ હતી, કારણ કે તેને પડકારતી અસંખ્ય અરજીઓ દાખલ કરવામાં આવી હતી. હવે સંસદ દ્વારા ઘડવામાં આવેલા અથવા સુધારેલા લગભગ દરેક મોટા કાયદા સાથે આવું થઈ રહ્યું છે. સુપ્રીમ કોર્ટે, એક રીતે, લોકસભા અને રાજ્યસભા પછી ત્રીજા સર્વોચ્ચ ગૃહ તરીકે કાર્ય કરવાનું શરૂ કરી દીધું છે.

સંસદ દ્વારા કોઈ બિલ પસાર થતાં અને કાયદો બનતાંની સાથે જ, કેટલાક વિપક્ષી પક્ષના નેતાઓ અને મુકદ્દમાના વકીલો તેને પડકારતા સુપ્રીમ કોર્ટના દરવાજા પર ઉભા જોવા મળે છે. નિઃશંકપણે, સુપ્રીમ કોર્ટને દરેક કાયદાની બંધારણીયતા તપાસવાનો અધિકાર છે, પરંતુ શું હવે દરેક કાયદો અમલમાં આવે તે પહેલાં સુપ્રીમ કોર્ટ સુધી પહોંચશે?

ત્રણ કૃષિ કાયદાઓના કિસ્સામાં, સુપ્રીમ કોર્ટે એક ડગલું આગળ વધીને તેમની બંધારણીયતા ધ્યાનમાં લીધા વિના તેમના અમલીકરણ પર રોક લગાવી દીધી. આ સુપ્રીમ કોર્ટ દ્વારા તેની સત્તાનો સ્પષ્ટ અતિરેક હતો. સુપ્રીમ કોર્ટે આ કાયદાઓની સમીક્ષા કરવા માટે એક સમિતિની રચના કરી હતી, જેનાથી તેમનો અમલ અટકાવી દેવામાં આવ્યો હતો. જો કે, જ્યારે આ સમિતિએ તેનો અહેવાલ રજૂ કર્યો, ત્યારે તેણે તેની સમીક્ષા કરવાની પણ તસ્દી લીધી નહીં.ખેતી વિરોધી કાયદા આંદોલનના નેતાઓ દ્વારા હાઈવે બ્લોક કરવાના મુદ્દા પર પણ તે મૌન રહ્યું. આખરે, ખોટી માહિતીને કારણે, એવા સંજોગો ઉભા થયા કે મોદી સરકારને ખેતી કાયદા પાછા ખેંચવાની ફરજ પડી. ફક્ત ખેડૂત નેતાઓ જ જાણે છે કે તેનાથી ખેડૂતોને કેટલો ફાયદો થયો. આ કાયદાઓ વિશે અફવાઓ ફેલાવવામાં આવી હતી કે તેઓ તેમની જમીન જપ્ત કરશે. કારણ કે આ કાયદાઓ ક્યારેય લાગુ કરવામાં આવ્યા ન હતા, કહેવાતા ખેડૂત નેતાઓ ખોટા દાવા કરી શકે છે કે ખેડૂતો આખરે તેમની જમીન ગુમાવવાથી બચી ગયા, પરંતુ ઝછછ પહેલાથી જ લાગુ થઈ ગયું છે. જો કોઈને ખબર હોય, તો કૃપા કરીને અમને જણાવો કે કેટલા મુસ્લિમોએ તેમની નાગરિકતા ગુમાવી છે.

નાગરિકતા, જમીન, કબ્રસ્તાન અથવા અન્ય કંઈપણ છીનવાઈ જવાનો મુદ્દો ઉઠાવવા માટે નવો કાયદો બનાવવાની કે તેમાં સુધારો કરવાની જરૂર નથી. તાજેતરમાં, જ્યારે ચૂંટણી પંચે બિહારમાં મતદાર યાદી ચકાસણીની પ્રક્રિયા શરૂ કરી, ત્યારે તાત્કાલિક હોબાળો મચી ગયો હતો કે તેનો હેતુ દલિતો, ગરીબો અને લઘુમતીઓ, એટલે કે મુસ્લિમોના મત છીનવી લેવાનો હતો.આ પ્રક્રિયા ચાલુ રાખવાની મંજૂરી આપીને, સુપ્રીમ કોર્ટે વિરોધી પક્ષો અને લોકશાહીના સ્વ-ઘોષિત ચેમ્પિયનોના પ્રચારને રદ કર્યો કે ચૂંટણી પંચ બિહારના ગરીબ લોકોના મત છીનવી લેવાનું કામ કરી રહ્યું છે. વધુમાં, સુપ્રીમ કોર્ટે બિહારના તમામ માન્ય પક્ષોને આ કેસમાં પક્ષકાર બનાવ્યા અને તેમને મતદાર યાદી ચકાસણીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયામાં ભાગ લેવા દબાણ કર્યું. તેઓ તેમના શ્રેષ્ઠ પ્રયાસો છતાં, અનિચ્છાએ પણ આ કરી રહ્યા છે.એ સારું છે કે સુપ્રીમ કોર્ટે વકફ સુધારા કાયદા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કર્યો. તેના વચગાળાના નિર્ણયમાં, તેણે ફક્ત તેની કેટલીક જોગવાઈઓને મર્યાદિત કરી. નોંધનીય છે કે તેણે સુધારેલા કાયદામાં વકફ બાય યુઝર જોગવાઈને નાબૂદ કરવાની મનસ્વીતા માનતી નહોતી. આનો અર્થ એ છે કે આ જોગવાઈ લાગુ કરવામાં આવશે નહીં. જૂના કાયદા મુજબ, જો કોઈ મિલકત લાંબા સમયથી વકફ દ્વારા ઉપયોગમાં લેવામાં આવી હોય, તો જરૂરી દસ્તાવેજોના અભાવે પણ તેને વકફ મિલકત ગણવામાં આવતી હતી. હવે આવું રહેશે નહીં. હવે દસ્તાવેજોની જરૂર પડશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## સાંકળચંદ યુનિવર્સીટી સંલગ્ન આરોગ્યધામ દુઃખદર્દથી કણસતાં લોકો માટે આડધીરાતનો 'હોંકારો' સાબિત થયુ

# વિસનગર શહેરની નૂતન હોસ્પિટલ તબીબોએ અમરસિંહ ઠાકોર નામના દર્દીના આંતરડાનું જટીલમાં જટીલ ઓપરેશન કરીને પૃથ્વીપરના ભગવાન તરીકે પોતાનું નામ 'અમર' કરી દીધું!

## વિસનગરના વતનીને છેલ્લા દસ દિવસથી પેટમાં સતત દુઃખાવો થતો હતો, અનેક તબીબોને બતાવ્યુ પણ યશરેખા નૂતન હોસ્પિટલના માથે લખી હતી



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

સાંકળચંદ યુનિવર્સિટી સંલગ્ન નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર વિસનગર સંચાલિત મેટ્રોસિટી સમકક્ષ અદ્યતન આરોગ્યલક્ષી સુવિધાઓ ધરાવતી નૂતન જનરલ હોસ્પિટલ ખાતે દરેક પ્રકારના રોગના નિષ્ણાંત ખ્યાતનામ સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સ સેવા આપી રહ્યા છે જેથી દર્દીને જટિલ ઓપરેશન કે સારવાર માટે અમદાવાદ જેવા મોટા શહેરમાં જવું પડતું હતું તે હવે ઘર આંગણે નૂતન જનરલ હોસ્પિટલ વિસનગર ખાતે ખૂબ જ રાહત દરે તથા આયુષ્માન યોજના અંતર્ગત નિઃશુલ્ક ઉપલબ્ધ થઈ રહી છે જે જાહેર જનતા માટે ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

તાજેતરમાં એકાદ મહિના અગાઉ અમરસિંહ ઠાકોર ઉંમર વર્ષ ૩૭ વિસનગરના વતનીને છેલ્લા દસ દિવસથી પેટમાં સતત દુઃખાવો થતો હતો જે ક્રમશઃ વધતા વિસનગર - પાટણના પ્રાઈવેટ દવાખાને જુદા જુદા ડોક્ટર્સને બતાવેલ.ધીમે ધીમે પેટ ફૂલતું ગયું, ખોરાક લેવાતો ન હતો,ઉલ્ટી થવા લાગી જેથી તેઓ નૂતન જનરલ હોસ્પિટલમાં સર્જરી વિભાગમાં બતાવતા ડોક્ટર્સ દ્વારા રિપોર્ટ કરાવી **Small Bowel Perfo®aion** ( સ્મોલ બોવેલ પર્ફોરેશન)નું નિદાન કરી **Ileal Resection With Stoma**(ઈલિયલ રિસેકશન વિથ સ્ટોમા) નું તાત્કાલિક ઓપરેશનનું સૂચન કર્યું. દર્દીના આંતરડામાં બે કાંણા હતા, ઈન્ફેક્શન - ખૂબ જ પરૂ થયેલ હતું, નાના આંતરડામાં લોહી ના પહોંચવાથી કાળુ પડતું જતું હતું જેથી દર્દી અને તેમના સગાઓએ સંમતિ આપતા તાત્કાલિક સર્જરી વિભાગના વડા ડૉ.રાજેશ શાહ અને સિનિયર સર્જન ડૉ.નિલેશ સુથારના ગાઈડન્સ- સહયોગથી નિષ્ણાંત સર્જન ડૉ. મીત ત્રિવેદી, ડૉ.ઝીલ ભંડેરી, ડૉ. જીગર દવે અને અન્ય વિભાગીય ડોક્ટર્સ ટીમ દ્વારા તા. ૧૮-૦૮-૨૫ ના રોજ રાત્રે ૧૦:૦૦ વાગે ઓપરેશન લીધું. આ જટિલ ઓપરેશન અંદાજિત ૪ ચાર કલાક જેટલું ચાલ્યું હતું જેમાં દર્દીને કોમ્પ્લીકેશન્સ ન થાય તેની અગમચેતી રૂપે એક બોટલ લોહી પણ આપવામાં આવ્યું હતું. દર્દીની બચવાની શક્યતા નહિવત હતી.દર્દીના આંતરડાના ભાગને કાપી આંતરડાના એક ભાગને પેટ ઉપર બહાર લાવવામાં આવેલ જ્યાંથી સ્ટૂલ પાસ થાય છે જે માટે બેગ મુકેલ છે. આમ જટિલ ઓપરેશન સફળતાપૂર્વક પાર પડતા દર્દી સ્વસ્થ થતા ૯ દિવસ બાદ તા.૨૭-૦૯-૨૫ ના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ.

આમ આ સફળ સર્જરી થકી દર્દી સ્વસ્થ છે તારીખ ૦૮-૦૯-૨૫ ના રોજ અને ત્યારબાદ તા.૧૭-૦૯-૨૫ના રોજ ફોલોઅપમાં આવેલ આ દર્દી સ્વસ્થ છે,હરી ફરી શકે છે અને આ મોટા શહેરોની મોટી પ્રાઈવેટ હોસ્પિટલમાં અંદાજિત લાખો રૂપિયાના ખર્ચે થતી સર્જરી આયુષ્યમાન યોજના અંતર્ગત નિઃશુલ્ક કરવામાં આવી જે બદલ દર્દી અને તેમના સગા સ્નેહીજનોએ સહર્ષ લાગણી સભર શબ્દોમાં સંસ્થાના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ, ટ્રસ્ટીગણ, સુપ્રિટેન્ડન્ટશ્રી, સર્જરી વિભાગના તમામ ડોક્ટર્સ સહિત પેરા મેડિકલ સ્ટાફનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરેલ છે.

# દીશા યુનિટ મહેસાણા અને આઈસીટીસી ઊંઝાના સંયુકત ઉપક્રમે એચઆઈવી એઈડ્સ અંગેનો મેઈનસ્ટ્રીમિંગ કાર્યક્રમ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

દીશા યુનિટ જીલ્લો , મહેસાણા જિલ્લા ટીબી-એચઆઈવી અધિકારીશ્રી ડૉ.અંજુ પરમાર મેડમના માર્ગદર્શન હેઠળ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ,ઉંઝાના અધિક્ષકશ્રી ડૉ.ગાર્ગી પટેલ અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.પાર્થે ઓઝાના સંકલનથી દિશા યુનિટ, મહેસાણા અને આઈસીટીસી, ઉંઝા દ્વારા તા- ૧૮.૯.૨૫ ના રોજ તાલુકા પંચાયત,ઉંઝા ખાતે તલાટી/મંત્રીશ્રી સાથે એચઆઈવી/એઈડ્સ અંગે મેઈનસ્ટ્રીમિંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં નીચે મુજબના અધિકારીઓ ઉપસ્થિત હતા.૧.ડૉ.ભાર્ગવી જી.વ્યાસ (તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઉંઝા) ૨.ડૉ.પાર્થે ઓઝા(તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, ઉંઝા)૩.ભાવેશ પ્રજાપતિ(નાયબ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઉંઝા) ૪.પી.એસ. મોદી(વિસ્તરણ અધિકારીશ્રી, ઉંઝા)



**ટીબીના નિદાન અને સારવાર તેમજ નિક્ષણ પોષણ યોજના,નિક્ષણ મિત્ર, ટીબી ફ્રી પંચાયતના ઈન્ડીકેટર વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ૫૪ જેટલા તલાટી/મંત્રી તેમજ તાલુકા પંચાયતના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.**

૫.ભાવેશ રાણા (જિલ્લા સુપરવાઈઝર, દિશા યુનિટ, મહેસાણા) ૬.જયદીપ પટેલ (આઈસીટીસી કાઉન્સેલર, ઉંઝા) ૭.ભાવેશ પંડ્યા (એસટીએસ,ઉંઝા)૮.મૌલિક દવે (ટીબીએચવી,ઉંઝા) કાર્યક્રમની શરૂઆતમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, નાયબ તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પુષ્પગુંજથી સ્વાગત કર્યું હતું. તાલુકા વિકાસ અધિકારીશ્રી અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રીએ વિષય અનુલક્ષીને પ્રાસંગિક પ્રવચન કરેલ હતું અને ગ્રામ્ય કક્ષાએ પંચાયતના મહત્વપૂર્ણ હોદ્દાએ કાર્યરત તલાટી/મંત્રીઓને એચઆઈવી/ટીબી નાબૂદી કામગીરીમાં સક્રિય ભૂમિકા નિભાવવા માટે આહવાન કરવામાં આવેલ હતું.

ભાવેશભાઈ રાણાએ જિલ્લામાં એચઆઈવી/ એઈડ્સની કામગીરી બાબતે, આઈસીટીસી, એઆરટી સેન્ટર,એસટીઆઈ ક્લિનિકની સેવાઓ વિષે, એચઆઈવી/ એઈડ્સ(પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ)એક્ટ-૨૦૧૭ વિષે એચઆઈવીગ્રસ્ત લોકોને મળતી સરકારી સહાય વિશે, એચઆઈવીગ્રસ્ત લોકો સાથે કલંક અને ભેદભાવ ન થાય તે બાબતે વિસ્તૃતમાં માહિતી આપી હતી.

જયદીપ પટેલએ એચઆઈવી કઈ રીતે થાય છે,કઈ રીતે બચી શકાય,તેની સારવાર વિષે, કાઉન્સેલિંગ,હિપેટાઈટિસ બી અને સીની સારવાર વિષે અને ૧૦૯૭ એઈડ્સ હેલ્પ લાઈનની સેવાઓ વિષે માહિતી આપી હતી. ભાવેશ પંડ્યાએ ટીબી કેવી રીતે ફેલાય છે,ટીબીના નિદાન અને સારવાર તેમજ નિક્ષણ પોષણ યોજના,નિક્ષણ મિત્ર, ટીબી ફ્રી પંચાયતના ઈન્ડીકેટર વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ૫૪ જેટલા તલાટી/મંત્રી તેમજ તાલુકા પંચાયતના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં ભાવેશ રાણાએ ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને તલાટી/મંત્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે. કરિયરમાં તમને મિત્રોનો સહયોગ પણ મળશે.

**વૃષભઃ** નિર્ભયતાથી કાર્યો પાર પાડી શકશે. જીવનસાથી સાથે આજનો દિવસ ખૂબ જ મધુર રહેશે. સાંજથી રાત સુધીમાં મુસાફરીની શક્યતા બની રહી છે. આજે તમે નીડર રહેશો.

**મિથુનઃ** આજે તમને પૂર્વજો તરફથી પૈસા મળવાની સંભાવના છે. આજે મંત્ર-તંત્રમાં તમારી રુચિ વધી શકે છે. પૂછ્યા વિના કોઈને સલાહ ના આપો, તેની વિપરિત અસર પડશે.

**કર્કઃ** આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. સ્થાયી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. તમારા પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના હશે.

**સિંહઃ** આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. તમારી વર્તણૂક સાથે આ ધ્યાનમાં રાખો અને ભોજનમાં ધ્યાન રાખો. જો તમારા પૈસા ક્યાંક અટકેલા છે તો તમે આજે મેળવી શકો છો.

**કન્યાઃ** ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો છેલ્લા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે. ભત્રીજાનો સહયોગ મળે તેવી સંભાવના રહેશે.

**તુલાઃ** આજે તમારે નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો. ભૌતિક વસ્તુઓ પર ખર્ચા વધુ થશે. શત્રુઓ તેમના કાવતરામાં સફળ થઈ શકશે નહીં.

**વૃશ્ચિકઃ** જો તમે વિદ્યાર્થી છો, તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે, સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે.

**ધનઃ** આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

**મકરઃ** આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

**કુંભઃ** આજે આવકથી વધુ ખર્ચા થશે. બાળકો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્ય દ્વારા તમારું માન વધારશે. તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

**મીનઃ** આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા ભારે પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. ગુરુ એ નિયમનો પ્રતિનિધિ છે, તેથી નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો. શુભ ખર્ચા વધશે.

## ફિલ્મી ગપશપ

# શૂટર્સ પાસેથી અત્યાધુનિક પિસ્ટલ જપ્ત એક્ટ્રેસ દિશા પટ્ટણીના નિવાસે ફાયરીંગ કરનાર બન્ને શૂટર્સ એકાઉન્ટરમાં ઠાર



નવી દિલ્હી, તા.૧૮

બોલિવુડ એક્ટ્રેસ દિશા પટ્ટણીના બરેલી સ્થિત નિવાસે ફાયરીંગ કરનાર બન્ને બદમાશો ગઈકાલે ગાઝીયાબાદમાં પોલીસ સાથેના એક્રાઉન્ટરમાં માર્યા ગયા હતા. તેમની ઓળખ રોહતક નિવાસી રવિન્દ્રકુમાર અને સોનિપત નિવાસી અરુણ તરીકે થઈ છે. બન્ને ગેંગસ્ટર ગોલ્ડી બરાર અને રોહિત ગોદારા ગેંગના સભ્ય હતા.

યુપી એસટીએફની નોઈડા યુનિટ, દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચ અને હરિયાણા એસટીએફની સંયુક્ત ટીમે ટ્રોનિકા સીટીમાં આ કાર્યવાહી કરી હતી. શૂટરો પાસેથી અત્યાધુનિક ગ્લોક અને જિલ્લાના પિસ્ટલ પણ જપ્ત થઈ હતી.

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલના એડિશનલ સી.પી. પ્રમોદ કુશવાહાએ જણાવ્યું હતું કે બન્ને બદમાશ ગોળીબારમાં સીધી રીતે સામેલ હતા. બાઈકસવાર શૂટરોએ ૧૨ સપ્ટેમ્બરે વહેલી સવારે ૩-૪ વાગ્યે અભિનેત્રીના ઘેર અનેક રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું.

ઘટના બાદ પોલીસ શૂટર્સને શોધી રહી હતી. દરમિયાન એસટીએફને માહિતી મળી કે ગોલ્ડી બરાર અને ગોદારા ગેંગના બદમાશ મોટી ઘટનાની ફિરાકમાં ગાઝીયાબાદમાં છે, ત્યારબાદ ટીમે શૂટર્સની તલાશ શરૂ કરી હતી.

ટ્રોનિકા સીટીમાં શૂટર્સનો ટીમ સાથે સામનો થઈ ગયો તેમણે ફાયરીંગ કર્યું. જવાબી કાર્યવાહીમાં ફાયરીંગથી બન્ને શુટર ઘાયલ થતા તેમને હોસ્પિટલે ખસેડાયા હતા, જયાં તેમના મોત થયા હતા.પોલીસે જણાવ્યું હતું કે શૂટર્સની ઓળખ માટે અભિનેત્રીના ઘર અને આસપાસ લાગેલા કેમેરાના ફુટેજ ફંફોસાયા હતા અને શંકાસ્પદ માર્ગોની તપાસ કરાઈ હતી. આ સાથે જ પડોશી રાજયોના ક્રાઈમ રેકોર્ડ સાથે સરખાવી ઓળખ કરાઈ હતી. ઘટના બાદ શુટર્સ અનેક શહેરોમાં રહ્યા. અનેક સાક્ષીઓનો સંપર્ક કર્યો હતો પણ અનેક તેનો અનેક ગેંગ સાથે નાતો રહ્યો છે.


## પશ્ચિમ રેલવે – અમદાવાદ

ભારતીય રેલવે

"જાહેર નોટીસ"

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના નીચે નોંધાયેલા સેક્શન હેઠળના પૂર્ણ થયેલા સેક્શન પર આવેલ રેલવે લાઈન અને પરિસરોના તમામ ઉપયોગકર્તાઓને જણાવવવામાં આવે છે કે ઓવરહેડ ટ્રેક્શન વાયરનું તા.૩૦-૦૯-૨૦૨૫ થી અથવા તે પછી ૨૫૦૦૦ Volt, ૫૦ HzAC પર વિદ્યુતીકરણ કરવામાં આવશે.
આ તારીખે અને ત્યારથી જ ઓવરહેડ ટ્રેક્શન લાઈન તમામ સમયે લાઈવ તરીકે ગણાશે અને કોઈપણ અનધિકૃત વ્યક્તિએ ઉક્ત ઓવરહેડ લાઈનની નજીકમાં આવવું નહિં કે કોઈ કામ કરવું નહિં.

| સેક્શન | તારીખ |
|---|---|
| પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના હિંમતનગર-ખેડબ્રહ્મા સેક્શન પર હિંમતનગર (રહિત) થી ઈડર (સહિત) કિ.મી. ૦/૨ (ચૈનેજ ૦/૦૫૯.૫૦) થી કિ.મી. ૩૨/૧ (ચૈનેજ ૩૨/૦૨૪.૫૦) **(RKM-૩૧.૯૬૫, TKM-૩૫.૧૦૪)** માટે ૨૫ kVAC | **તા.૩૦-૦૯-૨૦૨૫** |

**AC 25 KV ટ્રેક્શનની સુચના**

**ન'માર્ગ ઉપયોગકર્તાઓને ચેતવણી''**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના હિંમતનગર-ખેડબ્રહ્મા ૨૫ kV AC સેક્શન પર હિંમતનગર (રહિત) થી ઈડર (સહિત) કિ.મી. ૦/૨ (ચૈનેજ ૦/૦૫૯.૫૦) થી કિ.મી. ૩૨/૧ (ચૈનેજ ૩૨/૦૨૪.૫૦) **(RKM-૩૧.૯૬૫, TKM-૩૫.૧૦૪)** પર ઓવરહેડ ટ્રેક્શન વાયરને ૨૫ KV પર **તા.૩૦.૦૯.૨૦૨૫** ના રોજ અથવા તે પછી વિદ્યુતિકૃત કરવામાં આવશે. તમામ રેલવે ક્રોસિંગ પર લાઈવ ટ્રેક્શન વાયર (સંપર્ક વાયર)ના જોખમી સંપર્કમાં આવતા અતિશય હાઈટના લોડને રોકવા માટે ઉપરોક્ત રોડ પર સ્પષ્ટ ૪.૭૮ મીટરની ઊંચાઈ સાથે હાઈટ ગેજ બાંધવામાં આવેલા છે, જે રેલવે ક્રોસિંગ પર રેલ લેવલ થી ઓછામાં ઓછી ૫.૫ મીટરની ઊંચાઈ પર હશે.
આથી જાહેર જનતાને સૂચીત કરવામાં આવે છે કે વાહનોના લોડીંગના હેતુ માટે ઉપરોક્ત નિર્દિષ્ટ ઊંચાઈનું ધ્યાન રાખે જેથી રોડ વાહનમાં કરવામાં આવેલ લોડીંગ થી કોઈપણ સંજોગોમાં હાઈટ ગેજનું ઉલ્લંઘન થાય નહીં.
અતિશય ઊંચાઈવાળા લોડના જોખમો નીચે મુજબ છે :-
૧. હાઈટગેજ માટે જોખમી અને સાથે સાથે રોડ અને રેલવે લાઈન પર અવરોધરૂપ.
૨. લઈ જવામાં આવતા સાધનના સામાન અને વાહન માટે જોખમી.
૩. આગનું જોખમ અને સંપર્કમાં આવવાથી અથવા જોખમી નિકટતાને કારણે વાહકને જીવનું જોખમ.

CPM-065

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


## ઊંઝા APMCમાં ચેરમેન-વાઇસ ચેરમેનની ચૂંટણી : ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૧૧ વાગ્યે યોજાશે વરણી



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

ઊંઝા **APMC**માં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી આગામી ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાશે. સવારે ૧૧ કલાકે આ વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ચૂંટણી ઊંઝા **APMC** ખાતે યોજાશે, જેમાં ડિરેક્ટર ગણ ઉપસ્થિત રહી ચેરમેન અને વાઈસ ચેરમેનની પસંદગી કરશે.

ઉલ્લેખનીય છે કે, ઊંઝા **APMC**ની ચૂંટણી અગાઉ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાઈ હતી. ત્યારથી છેલ્લા નવ મહિનાથી ઊંઝા **APMC**માં વહીવટદારનું શાસન ચાલી રહ્યું હતું.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા અને નાયબ નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગર દ્વારા આ ચૂંટણી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.


## પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

નં. WR-BRC0COMM(CATG)/8/2023-O/o SRDCM/BRC/WR

**વિવિધ રેલવે સ્ટેશનો ખાતે કેટરીંગ અને મિલ્ક સ્ટોલની ફાળવણી માટે ઈ-ટેન્ડર**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ) વડોદરા ડિવિઝન, પશ્ચિમ રેલવે દ્વારા વિવિધ રેલવે સ્ટેશનો ખાતે નીચે જણાવેલ જનરલ માઈનોર યુનિટ પર ૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે કેટરીંગ અને મિલ્ક સ્ટોલની ફાળવણી માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડર ઓપન અને સ્પર્ધાત્મક રહેશે. બધા ટેન્ડરરો/કોન્ટ્રાક્ટરોને ટેન્ડર માટે ટેન્ડર દસ્તાવેજની પડતર અને અર્નેસ્ટ મની ડિપોઝીટ નીચે સુચવ્યા મુજબ આઈઆરઈપીએસ એપ્લીકેશનમાં મંજુર કર્યા મુજબની ઓનલાઈન પદ્ધતિઓ મારફતે રજૂ કરવાની વિનંતી કરવામાં આવે છે.

| | ટેન્ડર નં. | સ્ટેશન/કેટેગરી | | કેટરીંગ સ્ટોલ માટે સ્થળ | | રિઝર્વ કિંમત (પ્રતિ વર્ષ) (INR) | અર્નેસ્ટ મની (INR) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ANND--13--GMU-W | આણંદ | A | PF-૫ | પ્લેટફોર્મની વચ્ચે, પ્લેટફોર્મ-૪ તરફના માર્ગની સામે | ૧,૮૨,૦૦૦ | ૧૯,૦૦૦ |
| ૨ | ND--5---GMU-W- | નડિયાદ | A | PF-૧ | CGB ૧૪-૧૫ ની વચ્ચે | ૨,૧૧,૫૦૦ | ૨૨,૦૦૦ |
| ૩ | ND--7--GMU--W- | નડિયાદ | A | PF-૨/૩ | CGB ૧૪-૧૫ ની વચ્ચે | ૨,૦૭,૦૦૦ | ૨૧,૬૦૦ |
| ૪ | ND--6--GMU--W | નડિયાદ | A | PF-૨/૩ | CGB ૮-૯ ની વચ્ચે | ૨,૦૭,૦૦૦ | ૨૧,૬૦૦ |
| ૫ | AKV--5--GMU--Women | અંકલેશ્વર | A | PF-૧ | પીલ્લર ૫-૬ ની વચ્ચે | ૨,૪૭,૫૦૦ | ૨૫,૮૦૦ |
| ૬ | BH-14-MS-GMU | ભરૂચ | A | PF-૪/૫ | પીલ્લર ૧૯-૨૦ ની વચ્ચે | ૩,૦૩,૦૬૯ | ૩૧,૬૦૦ |
| ૭ | AKV_7_GMU-_MS | અંકલેશ્વર | A | PF-૨/૩ | પીલ્લર ૬-૭ ની વચ્ચે | ૨,૨૮,૨૫૦ | ૨૩,૮૦૦ |
| ૮ | BH--12--MS-GMU-- | ભરૂચ | A | PF-૪/૫ | પીલ્લર ૩૪-૩૫ ની વચ્ચે | ૧,૮૪,૦૦૦ | ૧૯,૨૦૦ |
| ૯ | EKNR--MS--2025 | એકતા નગર | B | PF-૧ | સ્ટેશન બિલ્ડીંગ થી અંદાજીત ૧૫ મીટર ડભોઈ તરફ | ૬૧,૫૦૦ | ૬,૬૦૦ |
| ૧૦ | DB-MS-9-25 | ડભોઈ | E | PF-2/3 | SS ઓફિસની સામે વૉટર ફાઉન્ટેન નં.૪ પાસે | ૩૧,૦૯૮ | ૩,૨૦૦ |

**ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ** તા.૧૩-૧૦-૨૦૨૫ (સોમવાર)૧૫:૦૦ કલાકે. **મહત્વની માહિતીઃ બીડ દસ્તાવેજની કિંમતઃ** દરેક ઈ-ટેન્ડરની ₹ ૫૦૦૦/- + GST = ₹ ૫,૯૦૦/- પરત ન મળવાપાત્ર રકમ માત્ર ઓનલાઈન સ્વીકારવામાં આવશે. **ઓફીસનું સરનામું જ્યાં સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ રહેશેઃ** સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફીસ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફીસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪. કામકાજના દિવસો દરમિયાન ૧૭:૩૦ કલાક સુધી. **વેબસાઈટ સરનામુંઃ** www.ireps.gov.in

BRC-192

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# માઉન્ટ આબુમાં સેલ્ફીના ચક્કરમાં ઉંડી ખીણમાં ખાબકતા યુવક ગંભીર ઘાયલ



માઉન્ટ આબુ, તા.૧૮

રાજસ્થાનના પ્રસિદ્ધ હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં ફરી એકવાર સેલ્ફીનો મોહ એક યુવક માટે ગંભીર અકસ્માતનું કારણ બન્યો છે. મહેસાણાનો યુવક જોખમી રીતે સેલ્ફી લેવાના પ્રયાસમાં ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબક્યો, જેને કારણે તેને ગંભીર ઈજાઓ થઈ છે.

મહેસાણાનો વિષ્ણુભાઈ ઠાકોર માઉન્ટ આબુ ફરવા ગયો હતો, જ્યાં સેલ્ફી લેતી વખતે અચાનક તેમનો પગ લપસ્યો અને તેઓ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં પડ્યો હતો. આ દ્રશ્ય જોઈને ત્યાં હાજર લોકોએ બૂમાબૂમ કરી મૂકી હતી. તાત્કાલિક માઉન્ટ આબુ નગરપાલિકાની ટીમ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

આશરે એક કલાકની જહેમત બાદ સ્ટ્રેચરની મદદથી વિષ્ણુભાઈને ખીણમાંથી બહાર કાઢીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે આબુરોડના ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

માઉન્ટ આબુમાં માત્ર એક જ મહિનામાં આ બીજો આવો બનાવ બન્યો છે. ગત મહિને પણ અમદાવાદના એક યુવકનું સેલ્ફી લેવાના પ્રયાસમાં ૩૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડવાથી મૃત્યુ થયું હતું. આ બંને ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે પર્યટન સ્થળો પર સેલ્ફીનો જોખમી ટ્રેન્ડ કેટલો જીવલેણ બની રહ્યો છે.

આવા અકસ્માતો પછી પ્રવાસીઓની સલામતી અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. શું પ્રવાસી સ્થળોએ સુરક્ષાના પૂરતા પગલાં લેવાયા છે? શું જોખમી સ્થળો પર ચેતવણીના બોર્ડ પૂરતા પ્રમાણમાં લગાવવામાં આવ્યા છે?

સ્થાનિક પ્રશાસન દ્વારા હવે આ બાબતે કડક પગલાં લેવામાં આવે તેવી સંભાવના છે. જોખમી સ્થળો પર વાડ અથવા અવરોધ ઊભા કરવા અને સ્પષ્ટ ચેતવણીના બોર્ડ લગાવવા અત્યંત જરૂરી છે. પ્રવાસીઓએ પણ પોતાની જવાબદારી સમજવી જોઈએ. એક તસવીર કે વીડિયો માટે જીવ જોખમમાં મૂકવો એ કોઈ પણ રીતે સમજદારીભર્યું નથી.

## જો કે એસ.ટી.નિગમનાં કર્મચારીઓને લાભ નહી અપાતા ૪૫ હજાર કર્મચારીઓ નારાજ

# ગુજરાત રાજયનાં જાહેર સાહસોનાં કર્મચારીઓ માટે સરકારે લઘુતમ પેન્શન રૂપિયા ૯ હજાર મંજૂર કર્યુ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

ગુજરાતનાં જાહેર સાહસોનાં કર્મચારીઓ માટે રાજય સરકારે સારા સમાચાર જાહેર કર્યા છે અને સાતમાં પગાર પંચ મુજબ લઘુતમ પેન્શન રૂ?.૯૦૦૦ મંજૂર કર્યુ છે. જો કે બીજી તરફ એસ.ટી.નિગમનાં પેન્શનરોનો આ લાભમાં સમાવેશ નહી કરાતા એસ.ટી.નાં ૪૫ હજાર જેટલા કર્મચારીઓમાં નારાજગી ફેલાઈ છે.




ઉલ્લેખનિય છે કે ગુજરાત સરકારના જાહેર સાહસો, બોર્ડ અને કોર્પોરેશનમાં કાયમી ધોરણે સમાવિષ્ટ થયેલા કર્મચારીઓના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના નાણા વિભાગે એક ઠરાવ પસાર કરીને આ કર્મચારીઓ માટે સાતમા પગારપંચ અનુસાર માસિક લઘુતમ પેન્શન રૂપિયા ૯,૦૦૦ સુનિશ્ચિત કર્યુ છે. આ નિર્ણયનો અમલ ૧ ઑક્ટોબર ૨૦૨૫થી કરવામાં આવશે.

નાણા વિભાગ દ્વારા જારી કરાયેલા ઠરાવની પ્રસ્તાવનામાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે રાજ્ય સરકારમાંથી જાહેર સાહસોમાં કાયમી ધોરણે સમાવિષ્ટ થયેલા કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ લઘુતમ પેન્શન ચૂકવવા અંગેની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. અગાઉ, રાજ્ય સરકારના અન્ય પેન્શનરોને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવ્યો હતો અને આ લ્લએબ્સોર્બ' થયેલા પેન્શનરો માટે અલગથી હુકમ કરવાની જોગવાઈ રાખવામાં આવી હતી.

વિવિધ કર્મચારી મંડળો તરફથી મળેલી રજૂઆતો તેમજ ભારત સરકાર દ્વારા સમાન પ્રકારના કર્મચારીઓ માટે જાહેર કરાયેલી સૂચનાઓને ધ્યાનમાં લેતા, જે 'એબ્સોર્બ' પેન્શનરો લઘુતમ પેન્શન કરતાં ઓછી રકમ મેળવી રહ્યા હતા, તેમને રાહત આપવાનો સરકારે નિર્ણય કર્યો છે.સરકારના આ ઠરાવ મુજબ, જે કર્મચારીઓ રાજ્ય સરકારની સેવામાંથી જાહેર સાહસો, બોર્ડ કે કોર્પોરેશનમાં કાયમી રીતે સમાવિષ્ટ થયા છે અને સાતમા પગારપંચના અમલ છતાં માસિક રૂપિયા ૯,૦૦૦ કરતાં ઓછું પેન્શન મેળવી રહ્યા છે, તે તમામને હવે લઘુતમ રૂપિયા ૯,૦૦૦ પેન્શન ચૂકવવામાં આવશે. આ લાભ તારીખ ૧ ઑક્ટોબર ૨૦૨૫થી રોકડમાં મળશે, જ્યારે તે પહેલાના સમયગાળા માટે આ લાભની ગણતરી લ્લનોશનલ' ગણવામાં આવશે.

## રેડ રિબન એન્ટરટેઇનમેન્ટ કંપનીએ ગીતના કોપી રાઈટ મામલે કેસ કર્યો હતો

# હવે નવરાત્રીમાં કિંજલ દવે ચાર -ચાર બંગડી...ગીત ગાઈ શકશે : ગુજરાત હાઈકોર્ટે સ્ટે ને હટાવી દીધો

અમદાવાદ,તા.૧૮

ચાર-ચાર બંગડીવાળી ગાડી' ગીત થકી જાણીતી થયેલી ગુજરાતી ગાયિકા કિંજલ દવેને ગુજરાત હાઈકોર્ટ રાહત આપી છે. હાઈકોર્ટે કિંજલ દવેને જાહેર સ્ટેજ પરથી આ ગીત ગાવા પર સ્ટે હટાવ્યો છે. હવે નવરાત્રિમાં કિંજલ દવે આ ગીતને સ્ટેજ પર રજૂ કરી કરશે. નોંધનીય છે કે, કોપી રાઈટ ઍક્ટ હેઠળ કિંજલ દવેને ચાર ચાર બંગડી ગીત ગાવા પર પ્રતિબંધ લગાવ્યો હતો.

ચાર-ચાર બંગડીવાળી ગાડી' ગીતના કોપી રાઈટ મામલે રેડ રિબન એન્ટરટેઈનમેન્ટ કંપનીએ ગાયિકા કિંજલ દવે પર અમદાવાદની સિવિલ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. કંપનીએ દાવો કર્યો હતો કે, આ ગીતના કોપી રાઈટ કંપની પાસે છે.



**કોર્ટમાં કેસ દાખલ થયા બાદ ૩૦મી જાન્યુઆરી ૨૦૨૪થી ગીત પર પરફોર્મન્સ કરવા પર સ્ટે મૂકાયો હતો. ત્યારબાદ સેશન્સ કોર્ટના ચુકાદાને હાઇકોર્ટમાં પડકારાયો હતો.**

આ ગીતના કોપી રાઈટ ઑસ્ટ્રેલિયાના કાર્તિક પટેલ પાસેથી ખરીદ્યા છે. કોર્ટમાં કેસ દાખલ થયા બાદ ૩૦મી જાન્યુઆરી ૨૦૨૪થી ગીત પર પરફોર્મન્સ કરવા પર સ્ટે મૂકાયો હતો. ત્યારબાદ સેશન્સ કોર્ટના ચુકાદાને હાઈકોર્ટમાં પડકારાયો હતો. હવે હાઈકોર્ટે ૮ અઠવાડિયા સુધી ચાલતી અપીલના બાદ આ સ્ટે હટાવી લેવામાં આવ્યો છે. જેના કારણે કિંજલ દવે ફરીથી આ ગીત પર પરફોર્મ કરી શકે છે.

# મૃત વિદ્યાર્થીની યાદ અને સન્માનમાં : દસ ટકા વિદ્યાર્થીઓને નજીવી ફીમાં પ્રવેશ આપવા હાઇકોર્ટનું સેવન્થ ડે શાળાને સૂચન

અમદાવાદ, તા.૧૮

શહેરના ખોખરા વિસ્તારની સેવન્થ ડે એડવેન્ટીસ્ટ સ્કૂલમાં એક વિદ્યાર્થી એ સામાન્ય તકરારમાં બીજા જુનિયર વિદ્યાર્થીની પેપર કટર મારીને કરપીણ હત્યા કરવાના વિવાદમાં સેવન્થ ડે સ્કૂલ દ્વારા રાજ્ય સરકાર અને જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી વિરુદ્ધ કરવામાં આવેલી અરજીઓની સુનાવણી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થઈ હતી.

અગાઉ ડીઈઓ તરફથી સેવન્થ ડે સ્કૂલને અપાયેલી નોટિસ અને તેની પાસેથી માંગવામાં આવેલા દસ્તાવેજોના નિર્ણયને ગત સુનાવણીમાં યથાવત રાખ્યા હતા અને સ્કૂલને કોઈપણ રાહત આપવાનો સાફ ઈંકાર કરી દીધો હતો. સાથે તપાસમાં સહકાર આપવા માટે આદેશ કર્યો હતો. આ ઉપરાંત ડીઈઓને આ સમગ્ર પ્રકરણમાં તપાસ હાથ ધરવા માટે લીલીઝંડી આપી હતી.

તે દરમિયાન આજે જસ્ટિસ નિખિલ એસ.કેરીયલે મૃત વિદ્યાર્થીની યાદ અને સન્માનમાં દસ ટકા જેટલા વિદ્યાર્થીઓ એટલે કે, એક હજાર જેટલા વિદ્યાર્થીઓને નજીવી ફીમાં પ્રવેશ આપી તેમને ભણાવવા સૂચન કર્યુ હતુ. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી આવતા સપ્તાહ પર મુકરર કરી છે.

સ્કૂલમાં અભ્યાસ કરતાં આશરે ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓના ભણતર અને કારકિર્દીને લઈ ચિંતા વ્યકત કરતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જો સ્કૂલ આ કાર્ય કરશે તો તે મૃત વિદ્યાર્થીને સાચી શ્રધ્ધાંજલિ ગણાશે. જો કે, શાળાના અન્ય ભણી રહેલા વિદ્યાર્થીઓને લઈ શું કરવું તે મુદ્દે સુનાવણી પેન્ડીંગ રાખી હતી.

## અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બાબતે હાઇકોર્ટ કર્યા પ્રશ્નો

**હાઇકોર્ટે સરકારપક્ષને પૃચ્છા કરી હતી કે, સ્કૂલમાં આરટીઇના વિદ્યાર્થી અથવા સ્કોલરશીપ પર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે...?, જેના જવાબમાં સરકારપક્ષે જણાવ્યું કે, છેલ્લા બે વર્ષથી સ્કૂલમાં ડીઇઓ નિયમો પાળવાના પ્રયત્નો કરી રહ્યા છે પરંતુ તેમને સફળતા મળી નથી. તો, સ્કૂલ તરફથી જણાવાયું કે, તેમણે મૃતક વિદ્યાર્થીની યાદમાં સ્કોલરશીપની જાહેરાત કરી છે. જેથી હાઇકોર્ટે બહુ મહત્ત્વનું સૂચન કરતાં સેવન્થ ડે સ્કૂલને ટકોર કરી હતી કે, સ્કૂલમાં દસ ટકા બાળકોને મૃતક વિદ્યાર્થીની યાદમાં આરટીઇની જેમ નજીવી ફીમાં અથવા તો વિનામૂલ્યે પ્રવેશ આપી ભણાવવામાં આવે, સાથે સાથે સ્કૂલ સેફટી પોલિસીનો કડકાઇથી અમલ કરવા પણ હાઇકોર્ટે તાકીદ કરી હતી.**

## મૃતકના વાલી તરફથી કરાઈ રજૂઆત

**દરમ્યાન આ બનાવમાં ભોગ બનેલા વિદ્યાર્થીના વાલી તરફથી સુનાવણીમાં જોડાવવામાં માંગણી કરાઇ હતી. જેથી હાઇકોર્ટે તેમના પરત્વે સંવેદના પ્રગટ કરતાં જણાવાયું કે, કોર્ટને તેમનાથી પૂરી હમદર્દી છે. આવું કોઇપણ વાલી સાથે થવુ જોઇએ નહી. પરંતુ શાળાના દસ હજાર બાળકોના ભવિષ્યને અનિશ્ચિતતામાં મૂકી શકાય નહી.આરોપીઓને પકડી લેવાયા છે અને તેમની વિરુદ્ધ કાયદાનુસાર કાર્યવાહી થશે. હાઇકોર્ટે ઉમેર્યું કે, તેમછતાં તેઓ જો ડીઇઓ દ્વારા બનાવાયેલી કમીટીમાં સામેલ થવા માંગતા હોય તો ચોક્કસ તેઓ રચનાત્મક ભાગ ભજવી શકે છે.**

## સ્કૂલ તરફથી રજૂઆત...

**બીજીબાજુ, સ્કૂલ તરફથી જણાવાયું કે, સેન્ટ્રલ બોર્ડની પરીક્ષા વર્ષના મધ્યાહ્ન લેવાની હોય છે, જે નવેમ્બર મહિનામાં છે પરંતુ હજુ સુધી સ્કૂલ બંધ છે. સવારે ૪૦ અને રાત્રે ૩૦ જેટલા પોલીસ કર્મચારીઓ સ્કૂલની સુરક્ષામાં તૈનાત હોય છે. સીસીટીવી લગાવવાની પણ વાત થઇ છે. પરંતુ પરિસ્થિતિ એ છે કે, બાળકો મોબાઇલમાંથી હિંસા શીખે છે. હાલ સ્કૂલ પ્રત્યક્ષ રીતે બંધ હોઇ હવે પોલીસ અને શિક્ષણ વિભાગના અભિપ્રાય બાદ જ સ્કૂલ શરૂ થશે.**

# સંસારનું સૌથી મોટું ન્યાયાલય આપણું પોતાનું મન છે..કારણ કે,મનને બધી જ ખબર છે કે શું સાચું અને શું ખોટું છે...?



**યશપાલસિંહ ટી.વાઘેલા**

**દરબાર ગઢ થરા**



સૌને જય માતાજી,આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો માનવનો અવતાર પરમાત્માનું આરાધન કરવા માટે છે,તપ કરવા માટે છે.મનુષ્ય કેવળ ભોગપાછળ પાગલ બને તો પશુ અને મનુષ્ય માં ભેદ શું?મનુષ્યને પ્રભુએ બુદ્ધિ આપી છે, પશુને નહીં.આવતી કાલની ચિંતા માનવ કરે છે,પશુ કરતાં નથી. કરી શકતાં નથી.પશુ ઓ તપ કરી શકતાં નથી દેવો પણ તપ કરી શકતા નથી. દેવો પુણ્યનો ભોગ ભોગવી શકે છે. તપશ્ચર્યાનો અધિકાર મનુષ્યોને. મનુષ્ય વિવેક થી ભોગ ભોગવી તપશ્ચર્યા કરી શકે છે.તપના અનેક પ્રકારો છે.

દુઃખ સહન કરી સત્કર્મ કરે એને તપ કહે છે. ઉપાસના કરવી એ તપ છે.અમાસ-પૂર્ણિમાના દિવસો ને પવિત્ર માન્યા છે,તે દિવસે ઉપવાસ કરવો.પરોપકારમાં શરીર ઘસાવવુંએ પણ તપ છે,પરંતુ ગીતાજીમાં તપની સુંદર વ્યાખ્યા આપી છે.

ગીતાજી કહે છે કે,ભાવસંશુદ્ધિ એ મોટું માનસિક તપ છે. ભાવસંશુદ્ધિ એટલે અંતઃકરણની પવિત્રતા. સર્વમાં ઈશ્વરનો ભાવ રાખવો એ તપ છે. સર્વમાં ઈશ્વર વિરાજેલા છે એવો અનુભવ કરવો એ મહાન તપ છે. અંતઃકરણની પવિત્રતાથી સદા સર્વદા હૃદયમાં શાંતિ અને પ્રસન્નતા રહેશે. પ્રિય અને સત્ય બોલવુંએ વાણીનું તપ છે. પવિત્રતા સરળતા,બ્રહ્મચર્ય, અહિંસા આ શરીર સંબંધીના તપ છે.

સર્વમાં સદભાવ-સમભાવ રાખનારના મનમાં કામ આવતો નથી.વિકાર અને વાસનાનો વિનાશ કરવા આ શ્રેષ્ઠ ઉપાય છે. સર્વમાં સદભાવ રાખે, સર્વમાં ઈશ્વરનો ભાવ રાખે અને સત્કર્મ કરે તો તે સફળ થાય છે.

દક્ષ પ્રજાપતિ યજ્ઞ કરતાં તેમાં શુદ્ધભાવ-સમભાવ ન રાખ્યો, કુભાવ રાખ્યો. તેથી યજ્ઞમાં વિઘ્ન આવ્યું. માટે કોઈ પ્રત્યે કુભાવ ન રાખો. ધર્મ સફળ થાય છે સદભાવથી.સદભાવ વગરનો દક્ષનો ધર્મ અધર્મ બન્યો.દક્ષ પ્રજાપતિના યજ્ઞની કથાનો ઉદ્દેશ હરિહરનો અભેદ બનાવવાનો છે.

ધર્મની વાત કરી, હવે અધર્મની વાત કરે છે. ધર્મનું કુટુંબ જોયું, હવે અધર્મને પણ ઓળખો. અધર્મના વંશથી ચેતવાનું છે. સ્કંધ ચાર અધ્યાય આઠના પહેલા પાંચ શ્લોકમાં અધર્મના વંશજો બતાવ્યા છે.આ અગત્ય ના શ્લોકો છે. કારણ પુણ્ય ન કરો તો કાંઈ નહીં,પણ પાપ તો ન જ કરો.

અધર્મની પત્નીનું નામ મૃષાદેવી- મિથ્યાભાષણ કરવાની કુટેવ. તેમાંથી થયો દંભનો જન્મ. લોકોને વૈષ્ણવ કહેવડાવવાની ઈચ્છા છે, પરંતુ કોઈને સાચા વૈષ્ણવ થવાની ઈચ્છા નથી. દંભનો પુત્ર લોભ અને લોભનો પુત્ર ક્રોધ છે.ક્રોધની પત્ની દુરુક્તિ એટલે કે કર્કશવાણી.મહાભારતના યુદ્ધનું અને રામાયણના કરુણ પ્રસંગોનું મૂળ કર્કશ વાણી છે. વાણીનું તપ તૂટે ત્યાં કલહ એટલે કલિ કહે મારું કામ.દુર્યોધનનો પગ લપસ્યો અને તે પડ્યો એટલે ભીમ બોલ્યો, આંધળાનો દીકરો આંધળો! દુર્યોધનને આ શબ્દો માથાના ઘા જેવા લાગ્યા એટલે મહાભારતનો આરંભ થયો.

સીતાજીએ લક્ષ્મણને કર્કશવાણી માં ઠપકો આપ્યો,તેથી લક્ષ્મણજી ને વિના ઈચ્છાએ મારીચ રાક્ષસ ના છળકપટ ભર્યા શબ્દો પાછળ જવું પડ્યું.લક્ષ્મણની ગેરહાજરી માં રાવણ સીતાને ઊઠાવી ગયો અને રામાયણ શરૂ થયું.માટે કર્કશ વાણી કોઈ દિવસ બોલવા નહીં. આટલા દુર્ગુણોથી બચો તો ઘણું છે.કર્કશ વાણીમાંથી થયો કળિ. કલહનું રૂપ તે કળિ.વાણીનાં તપ નો નાશ.

નામદેવ દરજીનો ધંધો કરતા,ગોરા કુંભારકામનો ધંધો કરતા,સેના નાવી હજામનો ધંધો કરતા.એ દરેકને પોતપોતાના ધંધામાંથી જ્ઞાન મળેલું છે. વ્યવહારમાં શુદ્ધિ આવી એટલે જીત્યા.

વ્યવહાર શુદ્ધિ એ ગૃહસ્થાશ્રમનો પાયો છે.સર્વ પ્રત્યે સમભાવ અને કોઈના પણ પ્રત્યે કુભાવનો અભાવએ માનવીજીવનને પરિ પૂર્ણ કરવાની ચાવી છે.વૈષ્ણવ થઈને શિવજીના માટે કુભાવ રાખે એની ભક્તિ કદી ફળી નથીનેફળે નહીંએ સ્કંધમાં વ્યાસ ભગવાન બતાવે છે. કારણ કે શિવજી તો ભક્તિ સંપ્રદાયના આચાર્ય છે. ભગવાન શંકર તો જગદગુરુ છે. પ્રજાપતિના યજ્ઞમાં ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા નહોતા,કારણ કે શંકર ભગવાનનું અપમાન થાય ત્યાં પોતે કેવી રીતે જઈ શકે? શિવજીમાં કુભાવ રાખનાર કામ, ક્રોધ, લોભ, મદ, મસ્તર અને મોહનો શિકાર બને છે.

શિવજીમાં કુભાવ રાખનારને કદી બ્રહ્મજ્ઞાન થતું નથી. એટલે દક્ષનો યજ્ઞ દક્ષને મારનારો બન્યો. દક્ષના મનમાં યોજકોને પણ સજા થઈ હતી. દક્ષના યજ્ઞમાં શિવપૂજન થયા પછી ભગવાન વિષ્ણુ પધાર્યા હતા.

શિવજીએ તો કામને બાળીને ભસ્મ કર્યો હતો.રુદ્રનો જન્મ થાય છે. શિવજીનો જન્મ નથી થતો. મહારુદ્ર શિવ અજન્મા છે. ભગવાન શંકર વિશ્વનાથ છે, વિશ્વેશ્વર છે. એમનો દરબાર સદા ખુલ્લો. જગત જેનો ત્યાગ કરે તેને શિવજી અપનાવે છે.શિવ સ્વરૂપ મંગલમય છે.મથુરામાં ભૂતનાથનું મંદિર છે.દિવસે બ્રાહ્મણો પૂજા કરે છે, રાત્રે ભૂતો એમની પૂજા કરે છે. સાધારણ જીવ લગ્ન કરવા જાય છે ત્યારે કાળ એની છાતી પર ચડી બેસે છે,પણ ભગવાન શંકર લગ્ન કરવા ગયાત્યારે તેમના હૃદયમાં શ્રીકૃષ્ણ છે અને હાથમાં માળા છે જેના હૃદયમાં શ્રીકૃષ્ણ છે એને વળી શ્રૃંગારની શું જરૂર છે? હરિ-હરપૂર્ણ એક સ્વરૂપ છે.જીવ જ્યારે શિવ સાથે લગ્ન કરે છે ત્યારે જ શ્રેય થાય છે.

સંપત્તિથી શાંતિ મળતી નથી. સંપત્તિથી વિકારસાધના વધે છે એટલે ધર્મ પ્રકરણ પહેલું અને અર્થ પ્રકરણ પછી છે. હવે અર્થ પ્રકરણ આવે છે. આમાં ધ્રુવજીનું આખ્યાન આવે છે.

દેશમાં વધતી જતી આરજકતા પ્રજાની મુશ્કેલી વચ્ચે આજના ભગવદ્ ગીતા જ્ઞાનના અંતિમ ફકરામાં રાજય રાષ્ટ્ર શાસક કેવા હોવા જોઈએ તે અંગે એક વાત કરીએ.નગરજનોના દુઃખદર્દ જાણવા ગોંડલના મહારાજા શ્રી ભગવતસિંહજી સાદા પોશાકમાં ફરી રહયા હતા ત્યાં રસ્તે ચાલતા એકખટારો કીચડમાં ફસાઈગયેલો જોયો.ખટારાવાળો ઘણુંઘણું મથે, પણ કેમેય કરીને ખટારો બહાર ન નીકળે.ખટારાવાળાએ બૂમ પાડી, 'અરે,ઓ ભાઈ!જરા અહીં આવો તો!આ ખટારો કાઢવામાં મદદ કરશો તો તમારો ઘણો ઉપકાર.'

સાદા પોશાકમાં રહેલા મહારાજા એની પાસે આવ્યા.ખટારાને બહાર કાઢવા ભારે જોરથી ધક્કો લગાવવા માંડયો.ઘણી મહેનતને અંતે ખટારો કાદવમાંથી બહાર કાઢ્યો.જોશભેર ધક્કો મારતા મહારાજાની ટોપી નીચે પડી ગઈ. એની નીચેનો મુગટજોઈને ખટારા વાળો તો શરમિંદો બની ગયો.મન માં વિચારવા લાગ્યો કે અરે!આવા મોટા ગોંડલના મહારાજા પાસે મેં આવું કામ કરાવ્યું? હવે મારું આવી બન્યું.મારાં સોએ વર્ષ પૂરાં થઈ ગયાં.મહારાજા નક્કી એને એની ભૂલ માટે ફાંસી આપશે.ખટારાવાળો તરત દોડીને મહારાજાના પગમાં પડયો.ભારે આજીજીપૂર્વક માફી માગતાં કહ્યું 'હજૂર,મને માફ કરો.હું તમને ઓળખી શક્યો નહીં.તમારા વેશ પરિવર્તનને લીધે તમને હુંઓળખી શક્યો નહીં.મહારાજ મારાથી ઘણો મોટો અપરાધ થઈ ગયો છે. મને માફ કરો.માફ કરો!'

મહારાજા કહે,'અરે ભાઈ! તારું કામ તે રાજનું કામ,અને રાજા થઈને મારે રાજનું કામ તો કરવું પડે ને!''

આમ બોલીને ગોંડલ મહારાજા હસતા હસતા ચાલ્યા ગયા.

આ વાત અમને એટલા માટે યાદ આવી કે રાજકર્તાએ પ્રજાનો પ્રેમાળ સેવક છે અને એ હકીકત છે કે જે રાજકારણી લોકસેવા કરે છે,એને લોકો પોતાના હૃદયમાં સદાને માટે સ્થાન આપે છે.આજે ક્યાંક એવી પરિસ્થિતિ છેકે જ્યાં રાજકારણી પોતાને ઊંચા આસને બેઠેલો રાજવી માને છેઅનેપ્રજાને નીચી નજરે જુએ છે.પ્રજા આવા રાજકારણીને લાંબોસમય સાંખી લેતી નથી. આ સમયે નેપાળ દેશમાં ભ્રષ્ટાચાર બેરોજગારીથી ત્રસ્ત પ્રજાનો આક્રોશ જાગ્યો તે સૌ કોઈએ જોયું. જ્યારે પ્રજાનો આક્રોશ જાગે છે,ત્યારે ભલભલાં રાજ સિંહાસનો ઉથલી પડે છે. આજે દેશમાં આવું જ કંઈક ધરબાયેલું છે.રાજકારણમાં આવનારે સેવાની ભાવનાથી આવવું જોઈએ.જોકે આજ ઘણે સ્થળે અવળીગંગા જોવા મળે છે રાજકારણી સેવાનાં બદલે મેવાનો વધારે વિચાર જ કરતા હોય છે.

વાચકચાહકમિત્રોસૌનેસારુંલાગે તે જરૂરી નથી કડવું સત્ય પણ કહેવું જોઈએ. શાસકે તો..

આજે સિમેન્ટ કૉંક્રિટ રેત પથ્થર વૃક્ષોસ્વચ્છતાના નામેજે ચાલે છે તેનાથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે પણ ગળામાંથી રાડ નીકળતી નથી સમજાય તો ધન્યવાદ બાકી જય શ્રી રામ!!

# આયુ, આયુ..... મેહોંણા જિલ્લા પંચાયતના બાંધકામ ખાતાને ગામડાંના માર્ગો પર થીગડાં મારવાનું યાદ આયુ..!

અલ્યા ભઈ, હેડ હવ તો હું ય થાચ્યો



હાશ, તડકામાં હેડાડ્યું તાણ આખો રોડ બન્યો



મારા દિયોર, હજુ કેટલા થીંગડા મારવાના શ!




**મહેસાણા જિલ્લામાં ચોમાસા દરમિયાન નુકશાન પામેલા માર્ગોની મરામત મહેસાણા જિલ્લામાં ભારે વરસાદના કારણે નુકસાન પામેલા રસ્તાઓનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. વરસાદના વિરામ બાદ જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત) હસ્તકના માર્ગોની માર્ગ અને મકાન (પંચાયત) દ્વારા ડામર કામથી મરામત કામગીરી કરવામાં આવી રહી છે. મોન્સુન બાદ હાથ ધરાયેલા માર્ગ સુધારણાની કામગીરી મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના રાણપુર - જસપુરીયા રોડ, મહેસાણામાં તળેટી-મોહનપુરા રોડ તેમજ કડી તાલુકાના કાસવા એપ્રોચ રોડ વગેરે રસ્તાઓ પર કરવામાં આવી હતી. અહીં ડામર પેચવર્ક સાથે માર્ગની સરફેસ દુરસ્ત કરી તેને રાહદારીઓ અને વાહન ચાલકોને સરળ અને સુરક્ષિત મુસાફરી મળી રહે તે માટે સુગમ્ય બનાવવામા આવી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે તમામ ક્ષતિગ્રસ્ત માર્ગોના મરામતની આપેલી સૂચના બાદ મહેસાણા જિલ્લાના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હસ્તક માર્ગો ઉપર ડામર પેચવર્કની કામગીરીનો આરંભ કરી દેવામા આવ્યો છે.**

## સંવેદનશીલ સરકાર કે સંવેદના વિહિન?? : સરહદી વિસ્તારમાં ૧૧ દિવસ બાદ પણ પૂર પીડિતોની કેસડોલ્સ ચૂકવવામાં તંત્ર નિષ્ફળ

# બનાસકાંઠાના પૂરપિડીત જગત તાતના પશુધનને આરોગવા માટે સરકારે ઘાસનું એક તણખલુંય પણ મોકલ્યું નથી

**અતિભારે વરસાદમાં સરહદી, સુઈગામ, વાવ ભાભર, થરાદ તાલુકાના લોકો સૌથી વધુ પીડિત. પણ પૂર સહાય ક્યારે??**

**ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ જાત નિરીક્ષણ કર્યાના ૭ દિવસ બાદ પણ પૂર સહાય માટેની કોઈ જાહેરાત નહીં કરાતાં સરકારની નિયત પર સવાલો..**



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)





(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૮

બનાસકાંઠા જિલ્લાના સરહદી સુઈગામ, વાવ, ભાભર અને થરાદ તાલુકાઓમાં ગત તા.૬,૭તેમજ ૮ તારીખ દરમ્યાન વાવાઝોડા સાથે પડેલા અતિભારે વરસાદે સમગ્ર સરહદી વિસ્તારમાં પૂરની સ્થિતિનું નિર્માણ કર્યું છે, ચારેય તાલુકાના લગભગ તમામ ગામોમાં વરસાદી પાણીથી તારાજી સર્જાઈ છે,હાલે પણ ખેતરોમાં બે થી ૫ ફૂટ પાણી ભરાયેલા છે,જેના લીધે ખરીફ પાકો નાશ પામ્યા છે, ખાસ કરીને સુઈગામ તાલુકાના તમામ ગામોમાં નીચાણ વાળા વિસ્તારોના ઘરોમાં હાલે પણ પાણી ભરાયેલ હોવાના કારણે મોટાભાગના લોકોને રોડ રસ્તા પર કે અન્ય ઊંચાણ વાળા ભાગો પર કામચલાઉ તાડપત્રીઓ લગાવી વસવાટ કરવો પડી રહ્યો છે, જવાબદાર વહીવટીતંત્ર દ્વારા દરેક ગામોમાં પશુ મૃત્યુ,પાક ધોવાણ, જમીન ધોવાણ મકાન સર્વે,તેમજ કેસડોલ્સ અને ઘરવખરી સહાય માટેનું સર્વે કામ હાથ ધરાયું છે, વરસાદ બંધ થયાને ૧૦ દિવસ બાદ પણ હજુ સુધી લોકોને કેસડોલ્સ કે ઘરવખરી સહાય ચૂકવવામાં આવી નથી, ગામડે ગામડે પાણી ભરાયેલા છે, લોકોને ગામમાં અવર જવર કરવાની પણ મુશ્કેલી છે,એક બાજુ લાઈટના અભાવે કે સહાય માટે જરૂરી ડોક્યુમેન્ટની ઝીરો માટે લોકોને તાલુકા મથકના ધરમધકકા ખાવા મજબૂર બનવું પડી રહ્યું છે, તમામ ગામોમાં રેશનકાર્ડની વિગતો છે,અને તમામ રેશનકાર્ડ આધારકાર્ડથી લિંક છે, વળી બેંક એકાઉન્ટથી પણ લિંક હોવા છતાં પૂર પીડિત લોકોને હેરાન કરવા માટે સર્વે માટે મૂકેલા કર્મચારીઓ લોકોને હેરાન કરી રહ્યા છે, સરકારની નિયત ખરાબ હોય તેવું વર્તન અધિકારીઓની અક્કડતા પરથી લાગી રહ્યું છે, વળી મુખ્યમંત્રીશ્રીએ ૫ દિવસ પહેલા પૂરગ્રસ્ત વિસ્તારની જાત મુલાકાત લીધી હોવા છતાં હજુ સુધી પૂર રાહત પેકેજ જાહેર કરાયું નથી, સંવેદનશીલ હોવાનો દાવો કરતી વર્તમાન સરકાર પૂર પીડિતોની જાણે મજાક કરતી હોય તેવું લાગી રહ્યું છે, પૂરથી પ્રભાવિત લોકોને તાત્કાલિક કેસડોલ્સ રોકડમાં ચૂકવી તેમને મદદ કરવી જોઈએ,તેના બદલે વરસાદ બંધ થયાના ૧૦ દિવસ બાદ પણ હજુ સુધી એક પણ પૂર પીડિત વ્યક્તિને કેસડોલ્સ ચૂકવવામાં આવી નથી, સર્વે ટીમ હજુ ડેટા એકઠા કરવામાં વ્યસ્ત છે, મોટાભાગના ગામોમાં નીચાણ વાળા વિસ્તારોના ઘરો હજુ પણ પૂરના પાણીમાં છે, જુવાર,એરંડા,બાજરી,મગફળી સહિતના પાકોથી લીલાછમ ખેતરો હાલે પાણીથી ભરાયેલા તળાવોમાં ફેરવાઈ ગયા છે,એ પાણીના નિકાલ માટે પણ જવાબદાર તંત્ર કોઈ કામગીરી કરતું હોય તેવું નજરે પડતું નથી, હજુ સ્ટેટ તેમજ સીંગલપટ્ટી રસ્તાઓ પણ પાણીમાં હોવાના કારણે સેડવ, કુંભારખા,દુધવા,સુઈગામ, ભરડવા,કોરેટી, કાણોઠી, માધપુરા, હરસડ, બોરુ, જેવા ગામોને તાલુકા કચેરીએ કે અન્ય જગાએ જવા માટે પાણીમાં થઈને કે બીજા વિસ્તારમાંથી ફરીને ચાલવા મજબૂર બનવું પડ્યું છે,સરહદી વિસ્તારના લોકો પૂરના કારણે પીડાઈ રહયા છે, છતાં વહીવટી તંત્ર જાણે ઉપરની સૂચના મુજબ જ કામ કરતું હોય તેવું લાગી રહ્યુ છે, અતિભારે વરસાદથી સર્જાયેલ પૂરની સ્થિતિમાં સરહદી સુઈગામ,વાવ,ભાભર તેમજ થરાદ તાલુકાના ગામોની જમીનોનું મોટાપાયે ધોવાણ થયું છે,પાકો સાવ નિષ્ફળ ગયા છે, છતાં તંત્ર ગોકળ ગતિએ કામ કરતું હોય તેવું લાગી રહ્યું છે, પૂર પીડિતોની વેદનાની જાણે સરકાર અને સરકારીતંત્ર ભેગા મળી મજાક ઉડાવતા હોય તેવું લાગી રહ્યું છે.

### વાવ,ભાભર તાલુકામાં ઘાસચારાનું તણખલુંય અપાયું નથી

**પૂરના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જતાં પશુપાલકોની હાલત કફોડી બની ગઈ છે,મુખ્યમંત્રીએ પૂરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક પશુપાલકોને વિનામૂલ્યે ઘાસચારો મળે તેવી સૂચના અપાઈ હતી,પરંતુ જવાબદાર તંત્રની બેદરકારીના કારણે વાવ,અને ભાભર તાલુકામાં બિલકુલ ઘાસનું વિતરણ કરાયું નથી, તો સરહદી સુઈગામ તાલુકામાં સુઈગામ વિસ્તારમાં જ થોડા ઘણો ઘાસચારો વિતરણ કરાયો, મોરવાડા વિસ્તારના ૧૫ જેટલા ગામોમાં કોઇપણ પશુપાલકોને હજુ સુધી ઘાસ અપાયું નથી,ત્યારે આ માટે વહીવટીતંત્રની બેદરકારી દેખાઈ રહી છે.**

## ઈડર નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત નાગરિકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા શપથ વિધિ અને સ્વચ્છતા જાગૃતિ રેલી યોજવામાં આવી



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૧૮

ઈડર નગરપાલિકા દ્વારા "સ્વચ્છતા હી સેવા ૨૦૨૫" કાર્યક્રમ અંતર્ગત નાગરિકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા શપથ વિધિ અને સ્વચ્છતા જાગૃતિ રેલીનું આયોજન ૧૮ સપ્ટેમ્બર ના રોજ કરવામાં આવ્યું હતું જેમાં શપથ વિધિ દરમ્યાન ચીફ ઓફીસર જૈમિનકુમાર કે ચૌધરી તથા નગરપાલિકા કર્મચારીઓ, સર પ્રતાપ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો, તથા નાગરિકોએ "સ્વચ્છતા જાળવીને સ્વસ્થ ભારત નિર્માણ"નો સંકલ્પ લીધો હતો.રેલીમાં વિવિધ શાળાના વિદ્યાર્થી, સામાજિક સંસ્થાઓ તથા નગરજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. રેલી દરમિયાન "સ્વચ્છતા એ સેવા છે", "સ્વચ્છ શહેર – સુંદર શહેર" જેવા નારા સાથે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.આ કાર્યક્રમ દ્વારા ઈડર શહેરને વધુ સ્વચ્છ, હરિયાળું અને સ્વસ્થ બનાવવા માટે સહભાગીદારોમાં ઉમંગ જોવા મળ્યો હતો.

## માવસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બ્લેક ફિલ્મ દૂર કરાઈ

# કાળા કાચ અને નંબર પ્લેટ વિનાના વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી

(ગરવી તાકાત) વાવ તા.૧૮

માવસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પી. આઈ. એ. કે. દેસાઈ.તેમજ પોલીસ સ્ટાફ ના માણસો દ્વારા વિવિધ સ્થળોએ કાળા કાચ અને નંબર પ્લેટ વિનાના વાહનો સામે સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરતા કાળા કાચ તથા નંબર પ્લેટ વિનાના વાહનો ને ડિટીન તથા સ્થળ દંડ આપવામાં આવ્યો હતો.

પોલીસ દ્વારા માવસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં. માવસરી બાકાસર રોડ. ચંદન ગઢ ત્રણ રસ્તા વગેરે પોઈન્ટ ગોઠવી કાળી ફિલ્મ વાળી કાર તથા નંબર પ્લેટ વગર ની ગાડીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

બનાસકાંઠા જીલ્લા પોલીસ વડા ની સૂચના મુજબ માવસરી પોલીસ સ્ટેશન પી. આઈ . એ. કે. દેસાઈ અને પોલીસ સ્ટાફ દ્વારા રોડ પર દોડતા બ્લેક ફિલ્મ અને નંબર પ્લેટ વિનાના વાહનો સામે સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.

# સંક્ષિપ્ત સમાચાર

## સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના ખેરોજની ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દાંતા તાલુકાના તોરણીયા ગામની મહિલાની સ્વસ્થ પ્રસુતિ કરાવી સરાહનીય કામગીરી કરાઈ

(ગરવી તાકાત) ઈડર તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજની ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં દાંતા તાલુકાના તોરણીયા ગામની મહિલાની સ્વસ્થ્ય પ્રસુતિ કરાવીને સરાહનીય કામગીરી કરવામાં આવી છે.



વિગત કંઈક એવી છે કે ગત તા. ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રે ના સમયે ૧૦૮ ને ફોન મળ્યો કે હડાદ PHC માં ડિલિવરી પેશન્ટ છે, એમને બાળક ઊંધુ તથાં f^al distress છે અને પહેલી ડિલિવરી છે, એટલે SDH અંબાજી હોસ્પિટલમાં રિફર કરવામા આવ્યાં છે. આશાબહેન પ્રવિણભાઈ બુંબડીયાને પ્રસુતિ ની પીડા શરૂ થઈ હતી. અને તાત્કાલિક તેમને સારવાર માટેની જરૂર હતી. આ જાણ થતાં ૧૦૮ ની ટીમ ઘટના સ્તરે પહોંચી હતી. ૧૦૮ માં EMT ચંદનભાઈ તરાલ અને પાયલોટ સુરેશભાઈ સોલંકી સ્થળ પરથી પેશન્ટને અંબાજી સિવિલ હોસ્પિટલ લઈ જવા માટે નીકળ્યા હતા અને રસ્તામાં માતાના વાઈટલ તપાસ કરતા મહિલાને વધુ પ્રસુતિની પીડા થતા ERCP ડૉ. શાહ અને ડૉ. પટેલ ની એડવાઈઝ લઈને એમ્બ્યુલન્સમાં જ પ્રસુતિ કરાવી હતી. ૧૦૮ ની ટીમ દ્વારા સમય સૂચકતા દાખવી અને સફળ નોર્મલ ડિલિવરી કરાવી બાળકને નવજીવન આપ્યું હતું. મહિલાને એમ્બ્યુલન્સમાં પ્રાથમિક જરૂરી સારવાર અને ઈન્જેક્શન ઓક્સીટોસિન આપી ત્યારબાદ અંબાજી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. યોગ્ય સમયે તાત્કાલિક સારવાર મળતા આશાબહેન અને તેમના સગાઓએ ૧૦૮ સેવાનો આભાર માન્યો હતો.

## કાંકરેજ તાલુકા મામલતદાર કચેરીમાં બનાસ ડેરીની ચૂંટણીને લઈને થરા માર્કેટ યાર્ડના પુર્વ ચેરમેન અણદાભાઇ પટેલે ઉમેદવારી પત્ર રજૂ કર્યું



(ગરવી તાકાત) કાંકરેજ તા.૧૮

પોતાના ટેકેદારો અને સમર્થકો સાથે કાંકરેજ તાલુકા મામલતદાર વી.એમ પટેલને ફોર્મ રજુ કરવામાં આવ્યું. જેમાં કરશનભાઈ પટેલે દરખાસ્ત કરી હતી અને પ્રહલાદસિહ વાઘેલાએ ટેકો આપ્યો હતો અને હવે બનાસ ડેરીની ચૂંટણીને લઈને કાંકરેજ તાલુકામાં રાજકીય ગરમાવો જોવા મળ્યો છે

## હિંમતનગરમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત સ્વચ્છતા રેલી યોજાઇ

(ગરવી તાકાત) ઈડર તા.૧૮

ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશનના ૧૧ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ને 'સ્વચ્છોત્સવ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપ તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તા.૨ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી "સ્વચ્છતા હી સેવા-૨૦૨૫" પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. સાબરકાંઠા જિલ્લામાં આ અભિયાન અંતર્ગત હિંમતનગર નગરપાલીકા દ્વારા ફેઈથ હાઈસ્કુલના સહયોગથી 'સ્વચ્છતા રેલી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી દ્વારા શાળાના બાળકોએ શહેરીજનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવા સ્વચ્છતાના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જાહેરજનતાને શહેરમાં સ્વચ્છતા જાળવવા પ્રત્યે અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે હિંમતનગર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ યતીનાબેન મોદી, નગરપાલિકા સદસ્ય જીનલબેન, હિંમતનગર સ્વચ્છતા એમ્બેસેડર, નગરપાલિકાના સભ્યો, નાગરિકો તથા નગરપાલિકા સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## ઇડર ડાયટ ખાતે 'આદિ કર્મયોગી વિશેષ' અભિયાન અન્વયે બે દિવસીય તાલીમ યોજાઈ

ભારત સરકાર દ્વારા ધરતીઆબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA-JGUA)ના ભાગરૂપે Aadi karmyogi Responsive Governance Programme જાહેર કર્યો છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં ઈડર તાલુકામાં ડાયટ ખાતે આદિ કર્મયોગી વિશેષ અભિયાન અંતર્ગત ઈડર, હિંમતનગર અને વડાલી એમ ત્રણ તાલુકાની બે દિવસીય બ્લોક પ્રોસેસ લેબની શરૂઆત કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લામાંથી આદિ કર્મયોગી અભિયાન માટે કુલ સાત અધિકારીઓની ડિસ્ટ્રિક્ટ માસ્ટર ટ્રેનર (DMT) ની નિમણુંક કરાઈ છે.

આદિ કર્મયોગી અભિયાન ભારતનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન છે.આ અભિયાનનો હેતુ ૨૦ લાખ આદિવાસી પરિવર્તન નેતાઓની કેડર વિકસાવવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય કક્ષાના આદિ કર્મયોગીઓને તાલીમ આપવામાં આવી હતી. તેમજ વિલેજ એક્શન પ્લાન કેવી રીતે બનાવવો તે અંગે વિસ્તારે માર્ગદશન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હિંમતનગર તાલુકા વિકાસ અધિકારી એસ. જે ડાભી, ડિસ્ટ્રિક્ટ માસ્ટર ટ્રેનર કૈલાસ બેન રાજગોર, નિર્મલભાઈ પટેલ, વિજયભાઈ પ્રજાપતિ સહિત અમલીકરણ કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

Volume : 11 Issue : 156 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002